# માહે સપ્ટેમ્બર ૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

| | |
|---|---|
| **General Board Date:** | 19-09-2026 |
| **Question No:** | 6(1) |
| **Corporator Name:** | ARJUNBHAI PETHABHAI CHAUHAN - Corporator : Ward 16 |
| **Question Subject:** | ટીપર વાન દ્વારા ડોર-ટુ-ડોર કચરો ઉઠાવવાનો કોન્ટ્રાક્ટ કેટલા વર્ષ માટે આપેલ છે અને કેટલી એજન્સી પાસેથી ભાવ મંગાવ્યા તા<br>ડ્રાઈવર અને સ્વીપરને પગાર ચેકથી ચુકવાય છે? રોકડાં એજન્સી ડ્રાઈવર અને સ્વીપરને શુ પગાર ચુકવે છે અને આર.એમ.સી. શું ચૂકવે છે શું બધા ડ્રાઈવરો પાસે લાઈસન્સ છે કે નહીં? ડ્રાઈવર અને સ્વીપરને તેમની સેફ્ટી માટે શું શું  કોન્ટ્રાક્ટર આપે છે તમામ ટીપર વાનના વીમો છે કે નહીં |
| **Department:** | SOLID WASTE MANAGEMENT |
| **Ward:** | OTHER |
| **Employee:** | E2876-SOLANKI PRAJESHKUMAR C. |
| **Question Detail:** | રા.મ.ન.પા./જીએડી/જા.નં.૨૬૯ તા.૧૧/૦૯/૨૦૨૬ પરિપત્ર મુજબ જ સોફ્ટવેરમાં જવાબ કરવો. |
| **Question Date:** | 11-09-2026 |

**Answer Details:** મીનીટીપર વાહનો મારફતે ઘરે-ઘરે થી ગાર્બેજ કલેકશનની કામગીરીનો કોન્ટ્રાકટ ટેન્ડરની શરત મુજબ ૧૦ વર્ષ માટે આપવામાં આવેલ છે.

મીનીટીપર વાહનો મારફતે ઘરે-ઘરે થી ગાર્બેજ કલેકશનની કામગીરીનો કોન્ટ્રાકટ આપવા GNFC (n) Code Solutions પર ઓન-લાઈન ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવેલ.

એજન્સીઓ દ્વારા ટેન્ડરની શરત મુજબ દરેક ડ્રાઈવર તથા હેલ્પરને બેંક મારફતે પગારનું ચુકવણું કરવામાં આવે છે.

૧. એજન્સીની માલિકીના વાહન (૩.૩ Cu.M ક્ષમતા) ના પ્રતિદિનના રૂ.૫૭૨૨.૫૦ (આઠ કલાક)
૨. એજન્સીની માલિકીના વાહન (૫ Cu.M ક્ષમતા) ના પ્રતિદિનના રૂ.૬૩૦૦/-(આઠ કલાક)
૩. RMC ની માલિકીના વાહન (૩.૩ Cu.M ક્ષમતા) ના પ્રતિદિનના રૂ.૪૭૭૭.૫૦(આઠ કલાક)
૪. RMC ની માલિકીના વાહન (૫ Cu.M ક્ષમતા) ના પ્રતિદિનના રૂ.૫૩૫૫/-(આઠ કલાક)
૫. RMC ની માલિકીના mobile refuse compactor વાહનના પ્રતિદિનના રૂ.૭૦૩૫/-(આઠ કલાક)

મીનીટીપર વાહનોના ડ્રાઈવરો પાસે ડ્રાઈવીંગ લાયસન્સ છે.

મીનીટીપર વાહનો મારફતે ઘરે-ઘરે થી ગાર્બેજ કલેકશનની કામગીરી કરતી એજન્સી દ્વારા ડ્રાઈવર તથા હેલ્પરને સેફ્ટી માટે દર માસે હેન્ડ ગ્લોવ્ઝ, માસ્ક તથા ગમ બુટ આપવામાં આવે છે.

મીનીટીપર વાહનોના ઈન્સયોરન્સ (વિમો) છે.

SOLANKI PRAJESHKUMAR C
SOLID WASTE MANAGEMENT - DY. ENVIRONMENTAL ENGINEER 14-09-2026 05:52 PM

## માહે સપ્ટેમ્બર ૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

**General Board Date:** 19-09-2026

**Question No:** 6(2)

**Corporator Name:** ARJUNBHAI PETHABHAI CHAUHAN - Corporator : Ward 16

**Question Subject:** આર.એમ.સી.ની હદમાં આવતી સ્કુલો અને કોલેજો પાસેથી વેરો વસૂલવામાં આવે છે કે નહીં આવે છે તો કયો કયો વેરો વસૂલવામાં આવે છે?

**Department:** TAX BRANCH

**Ward:** OTHER

**Employee:** E4089-PATEL VATSAL HEMATBHAI

**Question Detail:** રા.મ.ન.પા./જીએડી/જા.નં.૨૬૯ તા.૧૧/૦૯/૨૦૨૬ પરિપત્ર મુજબ જ સોફ્ટવેરમાં જવાબ કરવો.

**Question Date:** 11-09-2026

**Answer Details:** રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્ટે.ક.ઠ.નં-૩૮૫ તારીખ ૦૮/૦૩/૨૦૧૮ તથા જનરલ બોર્ડ ઠ.નં -૭૮ તારીખ ૧૬/૦૩/૨૦૧૮ અન્યવે વર્ષ ૦૧-૦૪-૨૦૧૮ થી શહેરી વિકાસ તથા શહેરી ગૃહ વિકાસ નિર્માણ વિભાગ દ્વારા મંજુર કરેલા ઠરાવ ક્રમાંક રમન/૮૦૨૦૧૫/૬૩૮ પી/સચિવાલય, ગાંધીનગર તારીખ -૧૦/૦૪/૨૦૧૮ તથા એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ નોટીફીકેશન -૨૩/૦૪/૨૦૧૮ નાં નીતિ નિયમોનુસાર આર.એમ.સી.ની હદમાં આવતી સ્કુલો અને કોલેજો પાસેથી વેરો વસૂલવામાં આવે છે, જેમાં સમાન્ય કર, એજ્યુકેશન સેસ, ગાર્બેજ ક્લેક્શન ટેક્ષ, એન્વાયરમેન્ટ ચાર્જ(જે કિસ્સામાં મિલકતનું ક્ષેત્રફળ ૫૦ ચો.મી.થી વધુ હોય તે કિસ્સામાં) તથા જે સ્કુલો કે કોલેજો પાસે નળ કનેક્શન હોય તો નિયત નળ કનેક્શનની સાઈઝ મુજબ વોટર ચાર્જ વસુલવામાં આવે છે.

PATEL VATSAL HEMATBHAI
TAX BRANCH - MANAGER

18-09-2026 01:49 PM

# રાજકોટ મહાનગરપાલિકા – વેરા વસુલાત શાખા

## કાર્પેટ એરિયા આધારિત મિલકત વેરાની સમજૂતી (તા. ૦૧/૦૪/૨૦૨૩થી અમલી નવા દરો મુજબ)

- **રહેણાંક હેતુવાળી મિલ્કતોની મિલકત વેરાની ગણતરી:** જનરલ ટેક્ષ = [કાર્પેટ એરીયા (ચો. મી.)] × [વેરાનો નિર્દિષ્ટ દર (૧૧)] × (F1) × (F2) × (F3) × (F4)

| સ્થળનું પરિબળ (F1) | ભારાંક |
|---|---|
| એ | ૩.૨૫ |
| બી | ૨.૫૦ |
| સી | ૧.૭૫ |
| ડી | ૧.૨૫ |

| મિલકતની ઉંમરનું પરિબળ (F2) | જૂનો ભારાંક | મિલકતની ઉંમરનું પરિબળ (F2) | નવો ભારાંક |
|---|---|---|---|
| ૦ થી ૧૦ વર્ષ સુધી | ૧.૨૦ | ૦ થી ૧૦ વર્ષ સુધી | ૧ |
| ૧૧ થી ૨૦ વર્ષ સુધી | ૦.૮૦ | ૧૧ થી ૨૦ વર્ષ સુધી | ૦.૯૦ |
| ૨૧ થી ૩૦ વર્ષ સુધી | ૦.૫૦ | ૨૧ થી ૩૦ વર્ષ સુધી | ૦.૭૦ |
| ૩૧ થી ૪૦ વર્ષ સુધી | ૦.૨૫ | ૩૦ વર્ષ ઉપર | ૦.૩૫ |

ઈમારતના પ્રકારનું પરિબળ (F3) :

| ક્રમ | પ્રકાર | ભારાંક |
|---|---|---|
| ૧. | આર.સી.સી.વાળા મકાનો | ૧.૫૦ |
| ૨. | આર.સી.સી. વગરના મકાનો | ૧.૦૦ |

ભોગવટાનું પરિબળ (F4) :

| ક્રમ | પ્રકાર | ભારાંક |
|---|---|---|
| ૧. | માલિક ભોગવટો | ૧.૦૦ |
| ૨. | ભાડુઆત ભોગવટો | ૧.૦૦ |

✳ **પાણી દર :**

- લો - રાઈઝ રહેણાંક તથા ફ્લેટ ટાઈપનાં મકાનો અને રહેણાંક સિવાયનાં મકાનો (દર કેલેન્ડર માસ અથવા તેના ભાગ) માટે:

| ૧/૨" કનેક્શન માટે | જુનો દર | નવો દર |
|---|---|---|
| રહેણાંક કનેકશન | વાર્ષિક ૮૪૦ | માસિક રૂા. ૧૨૫/- વાર્ષિક રૂા. ૧૫૦૦/- |
| બિન રહેણાંક કનેકશન | વાર્ષિક ૧૬૮૦ | માસિક રૂા. ૨૫૦/- વાર્ષિક રૂા. ૩૦૦૦/- |

- એ.ઓ.પી. વાળા રહેણાંક મકાનો માટે વાર્ષિક પાણી દર:

| કનેકશનની સાઈઝ | જૂનો દર | નવો દર | કનેકશનની સાઈઝ | જૂનો દર | નવો દર |
|---|---|---|---|---|---|
| ૩/૪ (૨૦ મી.મી.) | ૩૬૨૪/- | ૬,૪૭૧/- | ૩ (૮૦ મી.મી.) | ૬૦૪૮૦/- | ૧,૦૮,૦૦૦/- |
| ૧ (૨૫ મી.મી) | ૬૦૪૮/- | ૧૦,૮૦૦/- | ૪ (૧૦૦ મી. મી.) | ૯૦૭૨૦/- | ૧,૬૨,૦૦૦/- |
| ૧ ૧/૪ (૩૦ મી.મી) | ૯૦૭૨/- | ૧૬,૨૦૦/- | ૬ (૧૫૦ મી. મી.) | ૧૩૬૦૮૦/- | ૨,૪૩,૦૦૦/- |
| ૧ ૧/૨ (૪૦ મી. મી.) | ૧૫૧૨૦/- | ૨૭,૦૦૦/- | ૮ (૨૦૦ મી. મી.) | ૧૮૧૪૪૦/- | ૩,૨૪,૦૦૦/- |
| ૨ (૫૦ મી.મી) | ૨૪૧૯૨/- | ૪૩,૨૦૦/- | ૧૨ (૩૦૦ મી.મી.) | ૨૪૧૯૨૦/- | ૮,૬૪,૦૦૦/- |
| ૨ ૧/૨ (૬૫ મી.મી) | ૩૬૨૮૮/- | ૬૪,૮૦૦/- | | | |

- **બિન રહેણાંક મિલકતોની મિલકત વેરાની ગણતરી**

**જનરલ ટેક્ષ = [કાર્પેટ એરીયા (ચો. મી.)] × [વેરાનો નિર્દિષ્ટ દર (૨૫)] × (F1) × (F2) × (F3) × (F4)**

(F1) અને (F2) ફેકટરની સમજૂતી રહેણાંક હેતુવાળી મિલકતો મુજબ કરવાની રહેશે. (જુનો દર - ૨૨)

બિન - રહેણાંક મિલકતોની ઈમારત પ્રકારનું પરિબળ (F3)

| ક્રમ | પ્રકાર | ભારાંક |
|---|---|---|
| | કેટેગરી "એ" | |
| ૧ | બેંક, નાણાં સંસ્થાઓ, પબ્લીક લી.કં., અને બોર્ડ-નિગમ | ૮.૦૦ |
| ૨ | કોમર્શીયલ | ૪.૦૦ |
| ૩ | ઓટો ગેરેજ, સર્વિસ સ્ટેશન, એક્સપ્લોઝીવ એક્ટ હેઠળ નોંધાયેલા ગોડાઉન | ૨.૫૦ |
| ૪ | ઈન્ડસ્ટ્રીયલ (ઔદ્યોગિક એકમ) | ૧.૭૫ |
| ૫ | સરકારી ગ્રાંટ મેળવતી શૈક્ષણિક સંસ્થાઓ/હોસ્ટેલો | ૧.૦૦ |
| ૬ | ખાનગી શૈક્ષણિક સંસ્થા/હોસ્ટેલ | ૧.૫૦ |
| ૭ | જાહેર ટ્રસ્ટો દ્વારા નહીં નફો નહીં નુકશાનના ધોરણે ચાલતી હોસ્પિટલો | ૧.૦૦ |
| ૮ | અન્ય હોસ્પિટલો | ૨.૫૦ |
| ૯ | મેરેજ/કોમ્યુનીટી હોલ (માલિક ધોરણે ચાલતાં અને ટ્રસ્ટ/જ્ઞાતીની વાડી) તેમજ હાઈ-રાઈઝ રહેણાંક મિલકતોની 'કોમન એમેનિટી' | ૧.૦૦ |
| ૧૦ | મેરેજ/કોમ્યુનીટી હોલ (ખાનગી ધોરણે) | ૨.૦૦ |
| ૧૧ | પાર્ટી પ્લોટ્સ | ૬.૦૦ |
| ૧૨ | મોલ અને સિનેમા ઘર | ૮.૦૦ |
| ૧૩ | ઓડીટોરીયમ | ૧૦.૦૦ |
| ૧૪ | કોમ્યુનીકેશન ટાવર | ૫૦.૦૦ |
| ૧૫ | ફ્યુઅલ પમ્પ | ૧૦.૦૦ |
| ૧૬ | ખુલ્લો પ્લોટ/જમીન | ૦.૦૦ |
| ૧૭ | કવર્ડ પાર્કિંગ | ૦.૦૦ |
| | કેટેગરી "બી" | |
| ૧ | સરકારી મિલકતો : કેન્દ્ર/રાજ્ય સરકારશ્રીની માલિકીની મિલકતો | ૭.૦૦ |
| | કેટેગરી "સી": ધાર્મિક હેતુઓવાળી મિલકતો : | |
| ૧ | ધાર્મિક સ્થળો, મંદિરનું ગર્ભગૃહ, સ્મશાન, કબ્રસ્તાન વિગેરે | ૦.૦૦ |
| ૨ | પ્રાર્થના ખંડ, સાધુ-સંત, પાદરી, નન વિગેરેના આશ્રમો | ૦.૧૦ |
| ૩ | નહી નફો નહી નુકશાનના ધોરણે સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવતા ચેરીટેબલ ટ્રસ્ટ | ૦.૭૫ |

- ભોગવટાનું પરિબળ (F4) :

| ક્રમ | પ્રકાર | ભારાંક |
|---|---|---|
| ૧. | માલિક ભોગવટો | ૧.૦૦ |
| ૨. | ભાડુઆત ભોગવટો | ૨.૦૦ |

- ❖ ન્યુનત્તમ સામાન્ય કર રહેણાંક મિલકતો માટે રૂા. ૨૫૦/-
- ❖ ન્યુનત્તમ સામાન્ય કર બિન-રહેણાંક મિલકતો માટે: રૂ. ૫૦૦/-

- ગુજરાત શિક્ષણ ઉપકર અધિનિયમ-૧૯૬૨ અન્વયે શિક્ષણ ઉપકર (એજ્યુકેશન સેસ) (અર્થઘટન બાબતે રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયેલ નિયમોની વિગતો આખરી ગણાશે.)

| ક્રમ | વાર્ષિક જનરલ ટેક્ષ | વસુલવા પાત્ર શિક્ષણ ઉપકર (રહેણાંક મિલકતો માટે) | વસુલવા પાત્ર શિક્ષણ ઉપકર (બિન-રહેણાંક મિલકતો માટે) |
|---|---|---|---|
| ૧. | ૦ થી ૨૦૦ | માફી | માફી |
| ૨. | ૨૦૧ થી ૫૦૦ | ૫% | ૧૦% |
| ૩. | ૫૦૧ થી ૩૦૦૦ | ૧૦% | ૨૦% |
| ૪. | ૩૦૦૦ થી ઉપર | ૧૫% | ૩૦% |

- ગાર્બેજ કલેકશન ચાર્જ :

| પ્રકાર | જૂનો દર | નવો દર |
|---|---|---|
| રહેણાંક હેતુની મિલકતો | પ્રતિ ઘટક રૂ. ૩૬૫/- | પ્રતિ ઘટક રૂ. ૩૬૫/- લેખે |
| બિન રહેણાંક મિલકતો | પ્રતિ ઘટક રૂ. ૭૩૦/- | પ્રતિ ઘટક રૂ. ૧૪૬૦/- લેખે |

- પર્યાવરણ ચાર્જ :

બિન રહેણાંક મિલકતો જેનો કાર્પેટ એરિયા ૫૦ ચો. મી.થી વધારે હોય, તેવી મિલકતો પર સામાન્ય કરના ૧૦% (દસ ટકા) લેખે પર્યાવરણ ચાર્જ(એનવાયરમેંટ ચાર્જ) લાગુ કરવાનો રહેશે.

Scanned by CamScanner

# માહે સપ્ટેમ્બર ૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

**General Board Date:** 19-09-2026

**Question No:** 6(3)

**Corporator Name:** ARJUNBHAI PETHABHAI CHAUHAN - Corporator : Ward 16

**Question Subject:** આર.એમ.સી.પાસે પોતાના સ્વ પાર્જીત કેટલા વાહનો છે. અને કેટલુ ડીઝલ-પેટ્રોલ વપરાશ થાય છે મેઈન્ટેનન્સ ખર્ચ કેટલો થાય છે માસિક અને વાર્ષિક અને પંચરનો ખર્ચ કેટલો થાય છે

**Department:** FIRE BRIGADE,WORKSHOP

**Ward:** OTHER

**Employee:** E2755-DAVE AMITBHAI KANAKRAY,E3876-SHINGALA JAGDISH LALJIBHAI

**Question Detail:** રા.મ.ન.પા./જીએડી/જા.નં.૨૬૯ તા.૧૧/૦૯/૨૦૨૬ પરિપત્ર મુજબ જ સોફ્ટવેરમાં જવાબ કરવો.

**Question Date:** 11-09-2026

**Answer Details:** આર.એમ.સી.ની પોતાની માલિકીના ૩૫૦ જેટલા વાહનોનું રીપેરીંગ/મેઈન્ટનેસ સેન્ટ્રલ વર્કશોપ શાખા દ્વારા કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૫-૨૬ માં થયેલ વપરાશ /ખર્ચ ની વિગત :

માસિક ડીઝલ વપરાશ ૮૧,૩૯૩ લીટર અને વાર્ષિક ડીઝલ વપરાશ ૯,૭૬,૭૧૭ લીટર થયેલ છે.

માસિક પેટ્રોલ વપરાશ ૨૦૫ લીટર અને વાર્ષિક પેટ્રોલ વપરાશ ૨,૪૭૧ લીટર થયેલ છે.

વાહનોનો માસિક મેઈન્ટનેસ ખર્ચ રૂ.૧૨,૬૮,૦૦૨/- અને વાર્ષિક મેઈન્ટનેસ ખર્ચ રૂ.૧,૫૨,૧૬,૦૨૭/- થયેલ છે.

પંચર કામનો માસિક ખર્ચ રૂ.૧૦,૫૫૮ અને વાર્ષિક ખર્ચ રૂ.૧,૨૬,૭૦૦/- થયેલ છે.

SHINGALA JAGDISH LALJIBHAI
WORKSHOP - DY EX ENGINEER MECH
16-09-2026 05:15 PM